# માર્ચ-૨૦૦૪માં એસ.એસ.સી.ની પરીક્ષામાં ગુજરાતીમાં ૩૦ %થી ઓછું પરિણામ લાવેલ વિદ્યાર્થીઓની ઉત્તરવહીનો પૃથક્કરણાત્મક અભ્યાસ

**પ્રસ્તાવના :**

ગુજરાત રાજ્યમાં ધો.૧૦ (એસ.એસ.સી.) ની પરીક્ષા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવે છે. આ પરીક્ષામાં છેલ્લા ત્રણ વર્ષમાં બેઠેલા પરીક્ષાર્થીઓની સંખ્યા અને પરિણામ નીચે પ્રમાણે છે.

| પરીક્ષા વર્ષ | બેઠેલા પરીક્ષાર્થી | ઉત્તીર્ણ પરીક્ષાર્થી | પરિણામ (ટકા) |
|---|---|---|---|
| માર્ચ-૨૦૦૨ | ૬,૩૩,૨૫૩ | ૩,૨૮,૦૯૧ | ૫૧.૮૧ |
| માર્ચ-૨૦૦૩ | ૬,૪૨,૧૧૦ | ૨,૭૫,૯૨૭ | ૪૨.૯૭ |
| માર્ચ-૨૦૦૪ | ૬,૩૪,૧૨૦ | ૩,૩૪,૦૯૯ | ૫૨.૬૯ |

ઉપરોક્ત આંકડાઓ જોતાં ખ્યાલ આવશે કે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ **૬,૩૬,૪૯૪** વિદ્યાર્થીઓએ એસ.એસ.સી.ની પરીક્ષા આપી છે. જેમાંથી સરેરાશ **૫૦.૮૫** % વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. દર વર્ષે પચાસ ટકા જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થાય તે કોઇ પણ સમાજને પોષાય નહીં.

ગુજરાતમાં કર્મયોગી અભિયાન દ્વારા વિવિધ ક્ષેત્રે ગુણવત્તા વધારવાની ઝુંબેશ ચાલી રહી છે ત્યારે તેમાંથી શિક્ષણક્ષેત્ર કેવી રીતે બાકાત રહી શકે? મા.શિ.બોર્ડ દ્વારા શિક્ષણની ગુણવત્તા વધારવા વિવિધ પ્રકારના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. મા.શિ.બોર્ડે પરીક્ષા સુધારણા માટે પણ વિવિધ અભિગમો સાથે અનેક પ્રયત્નો કર્યા છે. પરીક્ષા યોગ્ય વાતાવરણમાં લેવાય તેટલું જ પૂરતું નથી. પરંતુ પરીક્ષામાં વધુ વિદ્યાર્થીઓ વધુ સફળતા મેળવે તેવા પ્રયત્નો પણ બોર્ડ કરી રહ્યું છે.

**વિષયનો ઉદ્‌ભવ :**

માર્ચ-૨૦૦૪ ની ધો. ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું તેમાં ગુજરાતીનું પરિણામ નીચે મુજબ હતું.

| વિષય | નોંધાયેલ સંખ્યા | બેઠેલ સખ્યા | પાસ | ટકા |
|---|---|---|---|---|
| ગુજરાતી | ૫૦૬૮૭૯ | ૪૯૭૩૧૮ | ૩૪૬૯૯૧ | ૬૯.૭૭ |

ગુજરાતના વિદ્યાર્થીઓની માતૃભાષા ગુજરાતીમાં જ ૩૦.૨૩ % વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જે સૌ શિક્ષણહિત ચિંતકો માટે આઘાત જનક હતું. જેની ચર્ચા મા.શિ.બોર્ડના ચેરમેનશ્રી અને શિક્ષણ-સંશોધન અધિકારીશ્રી એ કરી. આ અંગેની ચર્ચા અને ચિંતા બોર્ડના સભ્યો તેમજ શિક્ષણવિદ્દો દ્વારા પણ થવા લાગી. આ માટે રાજ્ય સરકાર પણ ચિંતિત હતી. જેની નોંધ પ્રચાર માધ્યમોએ

પણ લીધી હતી.. અન્ય ભાષા અંગ્રેજી ના પરિણામ કરતાં પણ ગુજરાતીનું પરિણામ ઓછું જણાતાં આ મુદો ખૂબ જ ચર્ચાવા લાગ્યો. ત્યારે સૌ એક જ મત પર આવતાં હતાં કે ગુજરાતીમાં ઓછું પરિણામ આવવાનાં કારણો જાણવા માટે ચોક્કસ પ્રયત્નો કરવા જોઈએ. જેની ચર્ચા મા.શિ.બોર્ડની શૈક્ષણિક સમિતિ તેમજ કારોબારી સમિતિમાં પણ થઇ. આ ચિંતાને લઈને મા.શિ.બોર્ડે નક્કી કર્યું કે ધો.૧૦ ની માર્ચ-૨૦૦૪માં લેવાયેલ પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ૩૦ % થી ઓછું પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રમાં શું આવડે છે અને શું નથી આવડતું ? આવા વિદ્યાર્થીઓ જવાબ કેવા અને કેવી રીતે લખે છે? તેમને કઇ બાબતોમાં મુશ્કેલી પડે છે ? વગેરે અંગેનું સંશોધન સમયમર્યાદામાં કરીને તેના તારણો દરેક શાળા સુધી પહોંચાડવા જોઈએ.

**હેતુઓ** :

- માર્ચ ૨૦૦૪ માં ધો.૧૦ ની બોર્ડની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ૩૦ ગુણથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીની જવાબવહીનો અભ્યાસ કરવો
- માર્ચ ૨૦૦૪ માં ધો.૧૦ ની બોર્ડની પરીક્ષામાં ગુજરાતીમાં ૩૦ ગુણથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ લેખનમાં કઇ ભૂલો કરે છે તે નક્કી કરવું.
- માર્ચ ૨૦૦૪ માં ધો.૧૦ ની બોર્ડની પરીક્ષામાં ગુજરાતીમાં ૩૦ ગુણથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ કયા જવાબો સાચા લખી શકે છે તે નક્કી કરવું
- મળેલ તારણોને આધારે ઉપાયો સૂચવવા.

**વ્યાપવિશ્વ** : માર્ચ - ૨૦૦૪ એસ.એસ.સી. ની પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની જવાબવહીઓ

**નમૂનો** : ગુજરાતી વિષયમાં ૩૦ ગુણથી ઓછા ગુણ હોય તેવી ૫૦૦ જવાબવહીઓ યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવી હતી.

**વિષયનું મહત્ત્વ** :

મા.શિ.બોર્ડ દ્વારા આવા પ્રકારનું આ સૌ પ્રથમ સંશોધન છે. ગુજરાતમાં શિક્ષણ ગુણવત્તા વધરાવાના અનેક પ્રયત્નો થઇ રહ્યાં છે. બોર્ડની જાહેર પરીક્ષાઓ પણ શિક્ષણમાંના અનેક પાસાંઓમાંનું અગત્યનું પાસું છે. આવી જાહેર પરીક્ષાનું પરિણામ ઊંચું આવે તે માટેના સાચી દિશાના પ્રયત્નો કરવા જરૂરી બની જાય છે, તે માટે પરિણામ નીચું આવવાના કારણો જાણવા અત્યંત આવશ્યક છે. એવાં કયાં પરિબળો છે કે જેના કારણે તેમનું પરિણામ નીચું આવે છે?

મળેલ કારણોને આધારે વિદ્યાર્થીઓનું પરિણામ ઊંચું લાવવા માટેના પ્રયત્નોને સાચી દિશા મળશે. શિક્ષકો અને વાલીઓ દ્વારા વિદ્યાર્થીને મળતા માર્ગદર્શનની ગુણવત્તામાં વધારો થશે. વિદ્યાર્થીઓને પણ ખ્યાલ આવશે કે નાપાસ થનાર વિદ્યાર્થીઓ કેવા પ્રકારની ભૂલો કરે છે? પરિણામ સ્વરૂપ આવા વિદ્યાર્થીઓમાં ભૂલોનું પ્રમાણ ઘટશે.

શિક્ષકો જાણશે કે ૩૦ %થી ઓછું પરિણામ લાવનાર વિદ્યાર્થીઓ મહદઅંશે કઇ ભૂલો કરે છે. પાઠયપુસ્તકના કયા વિષયવસ્તુમાં વિદ્યાર્થીઓને વધુ પ્રમાણમાં મુશ્કેલી પડે છે ,

જેને આધારે તેઓ વર્ગખંડ શિક્ષણ દરમિયાન અધ્યાપન કરતી વખતે ચોક્કસ બાબતો પર વધુ ધ્યાન આપશે, વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરશે.

સંશોધનને આધારે એ પણ જાણી શકાશે કે વિદ્યાર્થીઓને કયું વિષયવસ્તુ સરળતાથી યાદ રહે છે અને કયું વિષયવસ્તુ સરળતાથી યાદ રહેતું નથી. જેના આધારે દઢિકરણ અને મહાવરો કરવામાં સાચી દિશા સાંપડશે.

સંશોધનના કારણો અને તારણો મા.શિ.બોર્ડને પરિણામ સુધારણા માટેના કાર્યક્રમોમાં મદદરૂપ થશે. બોર્ડની ધો.૧૦ ની પરીક્ષાનું પરિણામ ઊંચું લાવવા માટેના સઘન, સરળ અને સુસ્પષ્ટ પ્રયત્નો કરવામાં શિક્ષકો, આચાર્યો, વિદ્યાર્થીઓ, વાલી અને મા.શિ.બોર્ડને દિશા પ્રાપ્ત થશે.

**કાર્યપદ્ધતિ :**

આ સંશોધનનું એક આગવું મહત્ત્વ હતું. જેથી સંશોધન ઉચ્ચ ગુણવત્તાયુક્ત બને તે માટે ગુજરાતમાંથી કેટલાંક સંશોધન નિષ્ણાતોના અભિપ્રાયો અને માર્ગદર્શન મેળવવાનું પણ વિચારવામાં આવ્યું. જેના અનુસંધાનમાં મા.શિ.બોર્ડના સમિતિખંડમાં તા.૨૪/૧૦/૨૦૦૪ ને રવિવારના રોજ મા.શિ.બોર્ડના અધ્યક્ષશ્રી એચ.એન.હિંગુ સાહેબની અધ્યક્ષતા નીચે એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. એમ.એસ.યુનિવર્સિટી-વડોદરાથી ડૉ. રમેશ કોઠારી, ભાવનગર યુનિવર્સિટીમાંથી ડૉ. ભોગાયતા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટથી ડૉ. ઉચાટ, ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદથી ડૉ. આર.ડી. મૂળીયા ઉપસ્થિત રહ્યા હતાં. મિટિંગમાં ચર્ચાના અંતે એવું નક્કી થયું કે, દરેક વિષયની ૧૫૦૦ જવાબવહીઓનો શિક્ષકો દ્વારા જ અભ્યાસ કરાવવામાં આવે. આ શિક્ષકોને સંશોધન માટેનું જરૂરી માર્ગદર્શન પણ આપવું. થતાં કામનું સતત મૂલ્યાંકન પણ કરતાં રહેવું.

મા.શિ.બોર્ડના સમિતિખંડમાં મળેલ નિષ્ણાતોના સૂચનને આધારે તા.૭/૧૧/૨૦૦૪ થી તા.૯/૧૧/૨૦૦૪ દરમિયાન પ્રેક્ષાભારતી-કોબા જિ.ગાંધીનગર મુકામે ત્રણ દિવસ દરમિયાન ૪૫ શિક્ષકો દ્વારા જવાબવહીનો અભ્યાસ કરાવવામાં આવ્યો. જેમાં સૌ પ્રથમ શિક્ષકોને સંશોધન વિષય અને તેની અગત્યતાથી પરિચિત કર્યા.ત્યારબાદ કયું કાર્ય, કેવી રીતે કરવાનું છે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. શિક્ષકોના અભિપ્રાયો પણ મેળવ્યા. ત્યારબાદ વિષય અને પ્રશ્નપત્રના પ્રશ્ન પ્રમાણે પાંચ-પાંચ શિક્ષકોના જૂથ બનાવ્યાં. દરેક જૂથમાંથી દરેક શિક્ષકે જવાબવહીના એક જ પ્રશ્નનો અભ્યાસ કરવાનો હતો. દરેક જૂથને ત્રણ-ત્રણ જવાબવહી આપી અને કાર્ય શરૂ કરાવ્યું. થોડા સમય બાદ તમામ શિક્ષકોને એકઠા કર્યા અને તેમના અનુભવ અને કાર્ય રચનાની મુશ્કેલીની ચર્ચા કરી. જેના આધારે કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફાર કરીને તમામ જવાબવહીઓ શિક્ષકોને સોંપી દીધી. શિક્ષકોએ દરેક જવાબવહીમાં વિદ્યાર્થીઓ ક્યાં અને કેવી ભૂલો કરે છે તે શોધવાનું શરૂ કર્યું.

મળેલી ભૂલોનું આવૃત્તિ વિતરણ બીજા દિવસે બનાવવામાં આવ્યું. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ કરેલી ભૂલોના આધારે કેટલાક શિક્ષકોએ કેટલાક ઉપાયો પણ સૂચવ્યા.

## ગુજરાતી

સર્વ સામાન્ય બાબતો કે જે મોટા ભાગના વિદ્યાર્થીને લાગું પડે છે તે નીચે મુજબ છે............

- અક્ષરો અવાચ્ય
- જોડણીની ખૂબ જ મોટા પ્રમાણમાં ભૂલો
- મૌલિકતાનો અભાવ
- લેખનના વિવિધ સ્વરૂપો લખવામાં મોટી નબળાઇ
- લેખનકૌશલ્ય ખૂબ જ નબળું
- વ્યાકરણના જ્ઞાનનો અભાવ

પ્રશ્ન પ્રમાણે મળેલ તારણો અને ઉપાયો નીચે મુજબ છે.

**નોંધ** :અવાચ્ય અક્ષરો, જોડણીની ભૂલો દરેક વિદ્યાર્થીએ દરેક પ્રશ્નમાં કરી છે. જેથી નીચે ઉલ્લેખ કર્યો નથી.

| ભૂલો | ઉપાય |
|---|---|
| **પ્રશ્ન : ૧ ગદ્યના પ્રશ્નો** | |
| - ૫૦ %વિદ્યાર્થીઓ અધૂરો જવાબ લખે છે<br>- ૬૦ % વિષયવસ્તુની ખામી<br>- ૩૦ % એ જવાબો લખ્યા નથી<br>- ક્રમમાં લખતા નથી | -- પાઠનું વિષયવસ્તુ શિક્ષકે સમજાવ્યા પૂર્વે જ શિક્ષકે પાઠ્યપુસ્તકને આધારે પ્રશ્નો પૂછવા. વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકના આધારે જવાબ આપે. જ્યાં જરૂર લાગે ત્યાં સમજ આપવી.<br>- વિદ્યાર્થીને તેની ભૂલો જણાવો.<br>- વર્ગમાં જૂથચર્ચા ગોઠવો |
| **પ્રશ્ન : ૨ પદ્યના પ્રશ્નો** | |
| - ગદ્ય કરતાં પદ્યના પ્રશ્નો લખવામાં વિદ્યાર્થીઓ વધુ મુશ્કેલી અનુભવે છે.<br>- ૩૫ % નો જવાબ અધૂરો<br>- ૭૦ % વિષયવસ્તુની ખામી<br>- ૬૦ % ની લેખિત અભિવ્યક્તિ નબળી<br>રૂપક કાવ્યો અઘરાં પડે છે. ઐતિહાસિક વિષયવસ્તુ, લોકગીત, ભજન વગેરે સરળ લાગે છે. | - પદ્યને ગદ્ય ન બનાવો. પદ્ય શીખવવાના હેતુને નજર સમક્ષ રાખો.<br>- વિદ્યાર્થીને કાવ્યનો આનંદ લેતાં કરો.<br>- કાવ્ય શીખવતાં વ્યાકરણમાં ઊંડા ન ઉતરવું<br>- કાવ્યના અર્થ કરતાં ભાવને પ્રાધાન્ય આપો<br>- વર્ગમાં જૂથચર્ચા ગોઠવો<br>- કાવ્યની સમીક્ષા વિદ્યાર્થી પાસે કરાવો |
| **પ્રશ્ન : ૩ નિબંધ** | |
| -પ્રકૃતિવિષયક કરતાં લલિત નિબંધો અઘરા પડે છે.<br>-ગોખેલો નિબંધ લખતા હોય તેવું લાગે છે,<br>-નિબંધનો પ્રારંભ, મધ્યભાગ અને અંતભાગ યોગ્ય રીતે નથી લખતા.<br>- આપેલા તમામ મુદ્દાનો ઉપયોગ કરતાં નથી.<br>- ક્રમિક લખતા નથી.<br>- મૌલિકતા બિલકુલ નથી<br>-યોગ્ય શબ્દો,કહેવતો, અલંકાર વગેરેનો ઉપયોગ કરી શકતા નથી.<br>-૩૦ % વિદ્યાર્થીઓ નિબંધ નથી.લખતા | -વિદ્યાર્થી પાસે વર્ગમાં પ્રત્યક્ષ વસ્તુ વિશે થોડું બોલાવો, ત્યારબાદ પ્રત્યક્ષ ન હોય પરંતુ તેના અનુભવમાં વારંવાર આવી હોય તેના વિશે બોલાવો. પછી નિબંધના વિવિધ વિષયો આપી બોલાવો.<br>-નિબંધનો પ્રારંભિક, મધ્ય અને અંત ભાગ કેવી રીતે લખાય તેના વિવિધ ઉદાહરણ આપો.<br>-વર્ગમાં નિબંધ લેખન કરાવો તે માટે પહેલાં વિષય આપો, પછી તે માટેના જરૂરી મુદા વિંદ્યાર્થીની મદદથી કા.પા.પર નોંધો.મુદ્દાને ક્રમમાં ગોઠવો, દરેક મુદ્દા પર વિદ્યાર્થી પાસે ચર્ચા કરાવો, ખૂટતી વિગત ઉમેરો, વિદ્યાર્થી પાસે બોલાવો પછી લખાવો.<br>-નિબંધ યોગ્ય રીતે ચકાસો. વિદ્યાર્થીની ભૂલો તેને પ્રત્યક્ષ બતાવો. સુધરાવો. |

| અહેવાલ | |
|---|---|
| -૪૦ % વિ.ઓ અહેવાલ લખતા નથી<br>-૩૫ % અન્ય વિષય પર લખે છે.<br>-મોટાભાગનાને અહેવાલના માળખાનો ખ્યાલ નથી<br>-અહેવાલમાં વિષયવસ્તુમાં ક્રમિકતા નથી<br>-અહેવાલ કઇ રીતે અને તેમાં શું લખાય તેનો ખ્યાલ નથી. | -અહેવાલ કેવી રીતે લખાય તેના વિવિધ નમૂના બોર્ડ પર કે ચાર્ટ દ્વારા દર્શાવો<br>-સૌ પ્રથમ શાળામાં બનતા બનાવો પર જ અહેવાલ લખાવો પછી અન્ય વિષય પર ચર્ચા કરીને લખાવો<br>-વિદ્યાર્થી પાસે જૂથચર્ચા કરો, તેમને જ બોલવા દો,તેમની ચર્ચામાં જરૂરી સુધારા વધારા કરીને જ લખો/લખાવો. |
| **સંક્ષેપ લેખન** | |
| -૪૦ % વિદ્યાર્થીઓ લખતા નથી<br>-૫૦ % આપેલ ફકરો ફરીથી લખે છે.<br>-૧૦૦ % શીર્ષક આપી શકતા નથી | -વર્ગ/શાળામાં બનતી ઘટનાનું વર્ણન કરો પછી તેને સંક્ષેપમાં કેવી રીતે રજૂ કરાય તે બોલાવો. ત્યારબાદ અન્ય ફકરા લો.<br>-સંક્ષેપ કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ તે ઉદાહરણ સાથે સમજાવો |
| **પ્રશ્ન ૪ કાવ્ય સમીક્ષા** | |
| -૫૦ % લખતા નથી<br>-૨૯% બધા પ્રશ્નના જવાબ લખતા નથી<br>-૧૦૦ % કાવ્યનો ભાવ પકડી શકતા નથી<br>-૭૦ % શીર્ષક આપી શકતા નથી | -કાવ્યમાં રસ લેતા કરો<br>-પાઠ્યપુસ્તકના કાવ્યોની સમીક્ષા કરાવો<br>-સરળ કાવ્યોની સમીક્ષા કરાવી પ્રાર્થનામાં રજૂ કરાવો |
| **વિચાર વિસ્તાર** | |
| -૫૦% લખતાં જ નથી<br>-૩૨ % અધૂરું લખે છે<br>-૨૦% વિષયવસ્તુ સમજી શકતા નથી<br>-વિચારને અનુરૂપ સંદર્ભો અને બોધ લખી શકતાં નથી | -વિચારવિસ્તાર એટલે શું ? તેની સમજ આપી, તે કેવી રીતે લખાય અને શું લખાય તેના વિવિધ ઉદાહરણો લઈને સમજાવો<br>-સંદર્ભો રામાયણ અને મહાભારતમાંથી મળી રહેશે<br>-વિચારવિસ્તારમાં અર્થ, સંદર્ભો દ્વારા વિચારની સાબિતી અને બોધ ફકરા પાડીને લખે તેવો આગ્રહ રાખો. |
| **આપેલા વિકલ્પને આધારે અધૂરા વિધાનો પૂર્ણ કરો** | |
| -મોટાભાગના વિદ્યાર્થી જવાબ સાચો લખી શકે છે.<br>-૨૬ %ને જવાબ કેવી રીતે લખવો તેનો ખ્યાલ નથી.આપેલું વિધાન લખતાં નથી માત્ર જવાબ લખે છે. | -વર્ગમાં વારંવાર પાઠ્યપુસ્તક વંચાવો<br>-વર્ગમાં સંવાદો પણ બોલાવો |
| **પાત્ર અને ઉક્તિ** | |
| -મોટાભાગના વિદ્યાર્થી જવાબ સાચો લખે છે. આમ છતાં પ્રશ્ન જોડકાં સ્વરૂપે આપેલ હોવાથી સામસામે લીટીઓ દોરીને જવાબ આપે છે. જવાબ કેવી રીતે લખવો તેનો ખ્યાલ નથી. | -વર્ગમાં વારંવાર પાઠ્યપુસ્તક વંચાવો<br>-વર્ગમાં સંવાદો પણ બોલાવો |
| **કૃતિ અને કર્તા ,પાત્ર અને કૃતિ, સાહિત્યકૃતિ અને સાહિત્ય પ્રકારનાં જોડકાં** | |
| -૪૦ % નો જવાબ ખોટો<br>-જોડકાં લીટી દોરીને જોડે છે. | - માહિતી લખેલા ચાર્ટ, ચિત્રો બનાવડાવવા અને વર્ગમાં રાખવા<br>-વર્ગમાં બેત્રણ જૂથ પાડવાં. દરેક જૂથ એકબીજા જૂથને હેતુલક્ષી પ્રશ્ન પૂછે. સાચો જવાબ આપનાર જૂથને પોઇન્ટ મળે. આમ રમતાં રમતાં વિષયવસ્તુ તૈયાર થશે.<br>-ટૂંકી કસોટીઓ લેવી<br>-જોડકાંનો જવાબ કેવી રીતે લખાય તે જણાવી, તેના ચાર્ટ બનાવો |

| કાવ્યપૂર્તિ | |
|---|---|
| -૫૦ % એ જવાબ લખ્યો જ નથી<br>-૩૦ % એ પંક્તિઓ ક્રમમાં લખી નથી. | -કંઠસ્થ કાવ્ય વર્ગમાં ગવડાવવાં જોઈએ<br>-પ્રાર્થનામાં પણ અવારનવાર ગવડાવવા જોઈએ.<br>-કંઠસ્થ કાવ્યો લખાવવાં અને જોઈને થતી ભૂલો સુધરાવવી |
| **વ્યાકરણ** | |
| વિદ્યાર્થીઓને સૌથી અઘરો પ્રશ્ન લાગે છે<br>૨૮ % પ્રશ્ન લખ્યો જ નથી<br>૧૮% ને એકપણ ગુણ મળ્યો નથી<br>૫૦% શૂન્યથી પાંચ ગુણ મેળવનાર<br>- વ્યાકરણમાં સૌથી અઘરાં પડતા મુદ્દા અગ્રતાક્રમ પ્રમાણે નીચે મુજબ છે.<br>પદક્રમ, વાક્યવિશ્લેષણ, અલંકાર, છંદ. તળપદા શબ્દો, પર્યાય શબ્દો, કહેવત રૂઢિપ્રયોગ,<br>- વ્યાકરણમાં સરળ પડતાં મુદ્દાનો અગ્રતાક્રમ<br>જોડણી, સંધિ, સમાસ, શબ્દસમૂહ, વાક્ય રૂપાંતર | - જરૂરી પૂર્વજ્ઞાનના અભાવે નવું ગ્રહણ કરવામાં મુશ્કેલી પડે. જેથી પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી , ન હોય તે આપવું પછી જ શીખવવું<br>-આગમન-નિગમન પદ્ધતિથી વ્યાકરણ શીખવવું<br>-જરૂરી ચાર્ટ વિદ્યાર્થી પાસે જ બનાવડાવવા અને વર્ગમાં ટીંગાળવા<br>-ગદ્ય-પદ્યના અધ્યાપન વખતે યોગ્ય માત્રામાં અનુસંધાન સાધી શકાય<br>-બુલેટિનબોર્ડનો ઉપયોગ કરી શકાય<br>-વિવિધ રમતો<br>-બેત્રણ જૂથ પાડી દરેક જૂથ એકબીજાને પ્રશ્ન પૂછે, સાચો જવાબ આપનારને પોઇન્ટ મળે. તે રમત રમાડવી<br>-એકમ કસોટી લેવી<br>-અધ્યાપન પદ્ધતિ રસિક બનાવવી |

## ગુજરાતી વિષયના અધ્યાપન માટે કેટલીક બાબતો :

- ગુજરાતી ગદ્ય-પદ્ય અને વ્યાકરણ શીખવવાની પદ્ધતિ બી.એડ્.માં જે શીખ્યા હતાં તેનો જ ઉપયોગ કરો.
- ગુજરાતી વિષયના અધ્યાપનમાં જે શિક્ષક ઓછામાં ઓછું બોલે અને વિદ્યાર્થીને વધુમાં વધુ બોલવાની તક આપે તે સારો શિક્ષક ગણાય. અધ્યાપન દરમિયાન એવા પ્રશ્નો પૂછો, એવી પ્રવૃત્તિ આપો કે જેમાં વિદ્યાર્થીને બોલવું પડે અને પછી લખવું પડે.
- વર્ગમાં વિદ્યાર્થીને બોલતાં કરવાં જૂથચર્ચા વધુમાં વધુ કરો.
- વિદ્યાર્થી ખોટા ઉચ્ચાર કાઢે, ખોટી જોડણી લખે તો તરત જ તેનું પ્રેમપૂર્વક ધ્યાન દોરો અને સુધારો
- વર્ગમાં વિવિધ ચાર્ટ બનાવડાવીને ટીંગાળેલા રાખો
- અક્ષરો વાંચી શકાય તેવા લખે તેવો આગ્રહ રાખો.
- જોડણીકોશ વર્ગમાં ટેબલપર મુક્ત રીતે વિદ્યાર્થીઓ જોઈ શકે તેમ આખા દિવસ માટે દરરોજ રાખો
- વિદ્યાર્થીઓને રસ પડતાં પુસ્તકો વાંચવા આપો
- સમાચારપત્રોમાં વિદ્યાર્થીઓને રસ પડે તેવી બાબતો જણાવી વાંચવા માટે પ્રોત્સાહન આપો.
- શાળામાં ભાષામંડળની સ્થાપના કરો. જે દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરાવો
- તમારા અનુભવ અને બોર્ડના પ્રશ્નપત્રોને આધારે દરેક સ્વરૂપના પ્રશ્નો તમારી જાતે નક્કી કરો. જેની યાદી શક્ય તેટલી ઓછી રાખવી જેથી કામ થઈ શકે. તે પ્રશ્નોને આધારે પ્રશ્નપત્ર તૈયાર કરો વારંવાર -પૂછો-લખાવો-કસોટી લો

- કસોટી એકાએક ન લેવી, અગાઉથી જાણ તો કરીશું જ પણ સાથે અગાઉથી પ્રશ્નપત્ર પણ આપી દેવું અને તેજ પ્રશ્નપત્રની કસોટી લેવી (જેથી વિદ્યાર્થી વધુગુણ લાવવા ઘેરથી તૈયાર કરીને લાવશે જ). આ રીતે અગાઉથી પ્રશ્નપત્ર આપીને જ કસોટી લેવી. કસોટી વર્ગમાં પણ તૈયાર કરાવી શકાય.

- ઉપર જવાબવહીના આધારે તારવેલા તારણોને આધારે નક્કી કરો કે કઇ બાબત વિદ્યાર્થીને સરળ પડે છે. કઇ બાબતમાં માર્કસ મેળવી શકે છે.

- નબળા વિદ્યાર્થીને વારંવાર પ્રોત્સાહન આપો. તેમના સાચા જવાબોને વર્ગમાં પ્રદર્શિત કરી શકાય.

- હેતુલક્ષી પ્રશ્નો તૈયાર કરાવવા વર્ગમાં વારંવાર જૂથચર્ચા કરો, ક્વીઝ પ્રોગ્રામનું આયોજન કરો અને બાળકોના જૂથ બનાવો દરેક જૂથ એકબીજા જૂથને પ્રશ્નપૂછે. જૂથને પોઇન્ટ આપવાનું રાખો. રમતાં રમતાં ઘણું જ શીખશે.

- આપેલ કાર્યની યોગ્ય રીતે નિયમિત ચકાસણી કરશો તો જ પરિણામ મળશે.

- ખૂબ જ મોટા પ્રશ્નોમાં તમામ માહિતી યાદ રહેવી જ જોઈએ તેવો આગ્રહ ન રાખતાં જેટલું આવડે તેટલું લખે જ તેવો આગ્રહ રાખો

- નિબંધ, વિચારવિસ્તાર, સંક્ષેપ લેખન, અહેવાલ, કાવ્યસમીક્ષા વગેરેના જવાબો તમે ન લખાવો. પરંતુ તેમની મદદથી મુદ્દા નક્કી કરો અને દરેક મુદ્દાને તેમની જ મદદ વડે વિસ્તાર કરાવો.

- વિદ્યાર્થીઓ કોઈપણ પ્રશ્નમાં અ,બ,ક,ડ હોય તો શરૂઆતનો વિભાગ “અ“ સારો લખે છે. પછી “બ”,તેના કરતાં ઉતરતો ,પછી “ક“ તેનાથી પણ ઉતરતી કક્ષાનો લખે અને “ડ“ વિભાગ તો ખૂબ જ ખરાબ લખે છે અથવા છોડી દે છે. જેથી વિદ્યાર્થીઓને માનસિક રીતે તૈયાર કરો કે બધા પ્રશ્નો યોગ્ય રીતે લખે.